બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં સુધારા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ/૧૩૯૭/૬૩૦-ચ-ગ-સચિવાલય,
ગાંધીનગર.
તા. ૯-૩-૧૯૯૯.

વંચાણમાં લીધા::-

૧: નાણા વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા.૧૬-૮-૯૪નો સરકારી ઠરાવ ક્રમાંક/પગર/૧૧૯૪-૪૫-મ

૨: નાણા વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૧૬-૮-૯૪ના સરકારી ઠરાવ ક્રમાંક/પગર/૧૧૯૪-૪૪-મ.

-:: ઠ રા વ ::-

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રજુઆત કરેલ છે કે રાજ્યની બિન સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ/વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણે શાળા બંધ થવાના કારણે ફાજલ થયેલ શિક્ષક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની અગાઉની સેવાઓ પગાર અને પેન્શનના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવે છે. પરંતુ તેવી સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં ગણતરીમાં લેવામાં આવતી નથી. અને તેથી આવા શિક્ષક-બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘણા વર્ષોની નોકરી હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ મળી શકતો નથી. પ્રસ્તુત બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અધિક મુખ્ય સચિવશ્રી નાણા અધિક મુખ્ય સચિવશ્રી શિક્ષણ અને સંકલન સમિતિના હોદેદારો સાથેચર્ચા વિચારણા કરવામાંઆવી હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબના આદેશો કરવામાં આવે છે.

૧) ફાજલ થયેલ શિક્ષક-બિન શૈક્ષણિક કર્મચારીની અગાઉની સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લેવામાં આવશે.

૨) માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિકકર્મચારીની ફેરબદલી થાય તેવી ફેરબદલી રાજીનામું આપવાના કારણે હોય તો તેવા કિસ્સામાં પણજો તેમની સેવાઓ પગાર અને પેન્શન હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતો હોય તો તેવા કિસ્સામાં નીચેની શરતોને આધિન ઉચ્ચતર પગાર ધોરણમાં માટે પણ તેમની અગાઉની સેવાઓ ગણતરીમાં લેવી.

શરતો ::-

૧: કોઈપણ બિન સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારી એક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી સ્વેચ્છાએ રાજીનામું આપીને બીજી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાં જોડાય તેવા સંજોગોમાં સમગ્ર નોકરી દરમ્યાનનો તુટનો સમય (Break) બે વર્ષથી વધવો જોઈએ નહી.

૨: એકમાધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી બીજીમાધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં રાજીનામું આપીને જોડાય તેવા સંજોગોમાં કોઈપણ તુટ

૩: સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ છ તુટ ગણતરીમાં લઈ શકાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૬-૩-૯૮ ની નોંધથી મળેલ સહમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(બી.કે.ભટ્ટ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ,ગુજરાતસરકાર.

નં.૫-૨/૯૭-૯૮/૧૪૫૮-૧૮૧૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો,રાજકોટ
તારીખ. ૩૨/૩/'૯૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર /માધ્યમિક/બિન સરકારી માધ્ય.શાળાઓ તરફ.

જાણ તથા અમલાર્થે..

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

: સદરહુ ઠરાવની જોગવાઈ મુજબ ઉ.પ.ધો. મંજુર કરવાના થતા કેસોના

તા. ૨૯-૪-૯૮ ના રોજ ઉપર જણાવેલ કેસો આધનીક કાગળો તથા ... સાથે રૂબરૂમાં હાજર રહેવું

ગ્રામ્ય વિસ્તાર તા. ૨૯/૪/૯૮ સમય સવારના ૧૦.૦૦ કલાકે

શહેરી વિસ્તાર રાજકોટ શહેર તા. —॥— સમય બપોરના ૩.૦૦ કલાકે-

સ્થળ:- શ્રી વી. વિરાણી વિવિધલક્ષી વિદ્યાલય - મધ્યસ્થ હોલ ટાગોર માર્ગ - રાજકોટ

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

## બઢતી સમિતિનો ઠરાવ

આજ તારીખ________________ રોજ બઢતી સમિતિની મિટીંગ________________________ કચેરીમાં મળી હતી જેમાં નીચેના સભ્યો હાજર રહયા છે.

| અ.નં. ૧ | નામ. ૨ | હોદ્દો. ૩ |
|---|---|---|
| (૧) | | |
| (૨) | | |
| (૩) | | |
| (૪) | | |
| (૫) | | |
| (૬) | | |

સરકારશ્રીના તારીખ..........................ના ઠરાવ ક્રમાંક........ ...............ન-વઘે.....................................માધ્યમિક ઉ્ચ્ચ માધ્યમિક શાળા.........................ના શ્રી................. હોદ્દો...................... ને નવ વર્ષ વ્યતીત ઉચ્ચતર પગાર ધોર રૂ.૨૦૦૦-૩૫૦૦/- રૂ. ૨૨૦૦-૪૦૦૦ મંજુર કરવા સારુ તા......... ના ઠરાવ ક્રમાંક..............................ને અનુલક્ષી તેમની ઉચ્ચ પગાર ધોરણ માટેની જરુરી લાયકાતો અંગે વિચારણા કરવા માટે બઢતી ની મીટીંગ મળી હતી. જેની વિચારણા કરવામાં આવી. તેમની કામગીરી સમીક્ષા કરીને તેમને રૂ.૨૦૦૦--૩૫૦૦/- રૂ.૨૨૦૦-૪૦૦૦ ના ઉચ્ચતર પગાર ધોરણ આપવા માટે લાયક ગણી પગાર નકકી કરવાની કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવે છે.

| અ.નં. ૧ | નામ. ૨ | હોદ્દો ૩ | સભ્યની સહી ૪ |
|---|---|---|---|

સ્થળ :-
તારીખ:-

પ્રતિહસ્તાક્ષર:

## -:: પ્ર મા ણ પ ત્ર ::-  (૭)

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે તા.૧૬-૧૦-૯૩ના ઠરાવ ક્રમાંક/પગર/૧૧૯૩/૩૬/મ ના મુદ્દા નં.૧૫ થી કરેલ સ્પષ્ટતા મુજબ નીચેના કર્મચારીઓને તારીખ:-૫-૭-૯૧ પહેલા ઉચ્ચ પગાર ધોરણમાં ૯-૧૮-૨૭ વર્ષની સેવા પુર્ણ કરવાને કારણે તેમના નામ સામે જણાવેલ પગાર ધોરણ મળવાપાત્ર થતા હોઈ તે હેતુ માટે તેમના છેલ્લા ૧૦ વર્ષ ના ખાનગી અહેવાલ ની સમીક્ષા કરવામાં આવેલ છે. તેઓની સામે કોઈ ખાતાકીય તપાસ બાકી નથી કે તેઓની સામે હાલ તથા ભુતકાળમાં કોઈ પોલીસ કેશ કરવામાં આવેલ નથી. જેની અત્રેના રેકર્ડ ઉપરથી ચકાસણી કરવામાં આવેલ છે.

| ક્રમ | કર્મચારીનું નામ. | હોદ્દો | મળવાપાત્ર ઉપલુ પગારધોરણ |
|---|---|---|---|

આચાર્ય

મેનેજીંગ ટ્રસ્ટી,

'૬વે'૨૪૧૯૫ 'R.N'